# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા દેશભરના 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરશે.

2) એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોએ અમદાવાદમાં એર ઇન્ડિયા વિમાન દુર્ઘટના અંગે 15 પાનાનો પ્રારંભિક તપાસ અહેવાલ બહાર પાડ્યો.

3) ભારતના મરાઠા લશ્કરી લેન્ડસ્કેપને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સ્થાન અપાયું.

4) હવામાન વિભાગે આગામી ચાર પાંચ દિવસ દરમિયાન દેશના મધ્ય અને ઉત્તરપશ્ચિમ ભાગોમાં અતિભારે વરસાદની આગાહી કરી.

5) હોકી ઈન્ડિયા સબ જુનિયર મહિલા રાષ્ટ્રીય ચેમ્પિયનશિપની સેમિફાઈનલમાં આજે હરિયાણા અને ઓડિશા તથા મિઝોરમ અને ઝારખંડ વચ્ચે મુકાબલો થશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરશે. તેઓ આ પ્રસંગે યુવાનોને સંબોધન પણ કરશે. આ કાર્યક્રમ સરકારના રોજગાર મેળા અભિયાનનો એક ભાગ છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ....

## (BYTE: AMAN YADAV)

રોજગાર મેળો રોજગાર સર્જનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા તરફ એક પગલું છે. રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવામાં અને રાષ્ટ્ર નિર્માણમાં તેમની ભાગીદારી માટે અર્થપૂર્ણ તકો પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# AIR-INDIA-CRASH-PRELI-REPORT

એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)એ ગયા મહિને અમદાવાદમાં થયેલી એર ઇન્ડિયા વિમાન દુર્ઘટના અંગે ગઈકાલે રાત્રે 15 પાનાનો પ્રારંભિક તપાસ અહેવાલ બહાર પાડ્યો છે. અહેવાલમાં એર ઇન્ડિયાના બોઇંગ 787 વિમાન AI-171 ના એન્જિનની સ્થિતિ અને ઘટનાઓનો ક્રમ તપાસવામાં આવ્યો હતો.

આ અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.....

**(BYTE: MUKESH KUMAR)**

રિપોર્ટ અનુસાર, વિમાન ટેકઓફ અને ક્રેશ વચ્ચે ત્રીસ સેકન્ડ સુધી હવામાં હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે, બંને પાઇલટ્સને ઉડાન ભરતા પહેલા આરામ કરવા માટે પૂરતો સમય મળ્યો હતો. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું કે, વિમાનમાં ઇંધણ ભરવા માટે ઉપયોગમાં લેવાતા બોઝર અને ટાંકીમાંથી ઇંધણના નમૂના લેવામાં આવ્યા હતા અને તેનું ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન લેબોરેટરીમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને રિપોર્ટ સંતોષકારક મળ્યો હતો.

અમદાવાદથી લંડન જઇ રહેલું આ વિમાન અમદાવાદ એરપોર્ટની બહાર સ્થિત બીજે મેડિકલ કોલેજના હોસ્ટેલ પરિસરમાં ક્રેશ થયું હતું, જેમાં સવાર 242 લોકોમાંથી 241 લોકો માર્યા ગયા હતા. એક મુસાફર બચી ગયો હતો, નીચે જમીન પર રહેલા 19 લોકોએ સહિત કુલ 260 લોકોએ જીવ ગુમાવ્યા હતા.

દરમિયાન, એર ઇન્ડિયાએ કહ્યું છે કે, તે તમામ નિયમનકારો અને પક્ષો સાથે નજીકથી કામ કરી રહી છે અને અમદાવાદ વિમાન દુર્ઘટનાની ચાલુ તપાસમાં અધિકારીઓને સંપૂર્ણ સહયોગ આપવાનું ચાલુ રાખશે.

# AMIT SHAH-KERALA VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કેરળના બે દિવસના પ્રવાસે ગઈકાલે રાત્રે તિરુવનંતપુરમ પહોંચ્યા હતા. રાજ્ય ભાજપના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો દ્વારા હવાઈમથકે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી શાહ આજે સવારે તિરુવનંતપુરમમાં ભાજપના નવા રાજ્ય મુખ્યાલયનું ઉદ્ઘાટન કરશે. બાદમાં, તેઓ તિરુવનંતપુરમના પુથારીકંડમ મેદાનમાં બૂથ-સ્તરના પાર્ટી કાર્યકરોને સંબોધિત કરશે. શ્રી શાહ બપોરે કન્નુર જવા રવાના થશે અને તાલિપરમ્બામાં રાજરાજેશ્વર મંદિરમાં પૂજા અર્ચના કરશે.

# INDIA-UNESCO WORLD HERITAGE

ભારતના મરાઠા લશ્કરી લેન્ડસ્કેપને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે, જે આ સિદ્ધિ હાંસલ કરનાર દેશનું 44મું મુખ્ય સ્થળ બન્યું છે. પેરિસમાં યુનેસ્કો મુખ્યાલય ખાતે વર્લ્ડ હેરિટેજ કમિટીના 47મા સત્ર દરમિયાન ગઈકાલે સાંજે આ જાહેરાત કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આ ઐતિહાસિક સિદ્ધિ બદલ લોકોને અભિનંદન આપ્યા હતા. આ વૈશ્વિક સન્માન ભારતના કાયમી સાંસ્કૃતિક વારસાનું પ્રદર્શન કરે છે, જે તેની સ્થાપત્ય, પ્રાદેશિક ઓળખ અને ઐતિહાસિક સાતત્યને પણ પ્રતિબિંબિત કરે છે.

**17મી સદીથી 19મી સદી સુધી ફેલાયેલા મરાઠા લશ્કરી લેન્ડસ્કેપમાં બાર કિલ્લાઓનો સમાવેશ થાય છે જે મરાઠા સામ્રાજ્યના વ્યૂહાત્મક લશ્કરી દ્રષ્ટિકોણ અને સ્થાપત્યને વ્યક્ત કરે છે. મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં ફેલાયેલા પસંદ કરેલા સ્થળોમાં મહારાષ્ટ્રમાં સાલ્હેર, શિવનેરી, લોહગઢ, ખંડેરી, રાયગઢ, રાજગઢ, પ્રતાપગઢ, સુવર્ણદુર્ગ, પન્હાલા, વિજયદુર્ગ અને સિંધુદુર્ગ તેમજ તમિલનાડુમાં ગિન્ગી કિલ્લોનો સમાવેશ થાય છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી ચાર પાંચ દિવસ દરમિયાન દેશના મધ્ય ભાગો અને ઉત્તરપશ્ચિમ ભાગોમાં અતિભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે આજે પૂર્વી રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે કહ્યું છે કે આસામ, મેઘાલય, છત્તીસગઢ, દરિયાકાંઠાના કર્ણાટક, ગુજરાત, હિમાચલ પ્રદેશ, કેરળ, માહે, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ રાજસ્થાનમાં આજે કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડશે. દરમિયાન, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં કેટલાક સ્થળોએ ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની આગાહી છે.

# AMARNATH YATRA

આજે સવારે ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી અમરનાથ યાત્રા માટે છ હજાર 649 યાત્રાળુઓનો 11મો સમૂહ રવાના થયો. 275 વાહનોમાં દ્વારા આ તમામ યાત્રાળુઓ બાલતાલ અને પહેલગામ બેઝ કેમ્પ પહોંચશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર બે હજાર 337 યાત્રાળુઓ બાલતાલ અને ચાર હજાર 322 યાત્રાળુઓ પહેલગામ જવા રવાના થયા છે. આ બંને કેમ્પમાંથી યાત્રાળુઓ અમરનાથ  ગુફા તરફ યાત્રા શરૂ કરશે.

દરમિયાન ગઈકાલે અઢાર હજાર દશ યાત્રાળુઓએ પવિત્ર ગુફામાં બાબા બર્ફાનીના દર્શન કર્યા. આ સાથે, પવિત્ર ગુફાની મુલાકાત લેનારા યાત્રાળુઓની સંખ્યા એક લાખ 63 હજાર પર પહોંચી ગઈ છે.

# HOCKEY

ઝારખંડના રાંચીમાં 15મી હોકી ઇન્ડિયા સબ જુનિયર મહિલા રાષ્ટ્રીય ચેમ્પિયનશિપની સેમિફાઇનલમાં હરિયાણા, ઓડિશા, મિઝોરમ અને ઝારખંડની ટીમ પહોંચી ગઈ છે. ગઈકાલે રમાયેલી ક્વાર્ટર ફાઇનલ મેચોમાં હરિયાણાએ ઉત્તરપ્રદેશને 1-0થી અને ઓડિશાએ બિહારને 5-0થી હરાવ્યું. મિઝોરમે પંજાબને 4-0થી અને ઝારખંડે મધ્યપ્રદેશને 5-4થી હરાવીને અંતિમ ચારમાં પ્રવેશ કર્યો. આજે સેમિફાઇનલમાં, હરિયાણાનો મુકાબલો ઓડિશા સામે થશે અને મિઝોરમનો મુકાબલો ઝારખંડ સામે થશે.

# TEST CRICKE-IND vs ENG

લંડનમાં લોર્ડ્સ ખાતે ઇંગ્લેન્ડ સાથેની એન્ડરસન-તેંડુલકર ક્રિકેટ ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે આજે ભારત પ્રથમ ઇનિંગમાં ત્રણ વિકેટે 145 રનથી આગળ રમશે.

ગઈકાલની રમતના અંતે કે એલ રાહુલ 53 અને ઋષભ પંત 19 રન સાથે રમતમાં છે. યશસ્વી જયસ્વાલે 13, કરુણ નાયર 40 અને શુભમન ગિલ 16 રન બનાવ્યા હતા. ભારત હજુ પણ ઇંગ્લેન્ડથી 242 રન પાછળ છે. અગાઉ, ઇંગ્લેન્ડની ટીમ પ્રથમ ઇનિંગમાં 378 રન જ બનાવી શકી હતી. જસપ્રીત બુમરાહે પાંચ વિકેટ લીધી હતી. પાંચ મેચની શ્રેણીમાં બંને ટીમો 1-1 થી બરાબર છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

- આજના તમામ અખબારોએ મુખ્ય સમાચારોમાં અલગ અલગ સમાચારોને સ્થાન આપ્યું છે
- ગુજરાત સમાચારનું મુખ્ય મથાળું છે.. ભારત પર માત્ર 20% ટેરિફનો ટ્રમ્પનો સંકેત...
- નવગુજરાત સમયનું મુખ્ય મથાળું છે અધધધ....નેટમાં 1.20 લાખ જીબીની સ્પીડ-જાપાનનો રેકોર્ડ ...
- સંદેશ અખબારની હેડલાઈન છે ભારતને નુકસાનનો એક ફોટો તો બતાવો: ડોભાલ..
- દિવ્ય ભાસ્કરના પહેલા પાનાં પર .. બિકાનેરમાં દેશની પ્રથમ કન્યા સૈનિક સ્કૂલ 108 કરોડ રૂપિયાની જમીન દાનમાં આપી....મતદાર યાદી સુધારણા, પક્ષોએ એજન્ટો વધાર્યા, ચૂંટણી પંચે કહ્યું 74% ફોર્મ જમા.. આ સમાચાર વાંચવા મળી રહ્યા છે....
- આ ઉપરાંત 24 કલાકમાં 50 હુમલા પાક સેના વિરુદ્ધ બલૂચનું ઓપરેશન BAAM પાકિસ્તાનમાં ગંભીર શૈક્ષણિક કટોકટી- 2 કરોડ 53 લાખ બાળકો શાળાથી વંચિત.. વેહિકલની સ્ક્રીન પર ફાસ્ટ ટેગ નહીં હોય તો બ્લેક લિસ્ટ કરાશે જેવા સમાચારોને પણ વિવિધ અખબારોમાં પ્રથમ પાને સ્થાન અપાયું છે
- સ્થાનિક સમાચારોમાં અમદાવાદ વિમાન દુર્ઘટના અંગેનો પ્રાથમિક રિપોર્ટ. ગંભીરા બ્રિજ પેડેસ્ટેલ અને આર્ટિક્યુલેશન ક્રશ થતા તૂટી પડ્યો. ચકાસણી બાદ વધુ 23 જોખમી પુલ વાહન વ્યવહાર માટે બંધ... બે દિવસમાં તેલના ભાવમાં 70 થી 80 રૂપિયાનો વધારો જેવા સમાચારોને આવરી લેવાયા છે